## શ્રી અશોક શર્મા, ન્યાયાધીશ, કામદાર વીમા અદાલત, અમદાવાદ સમક્ષ.

**અરજદાર :** **મે. વિટા ગ્લોબલ બાયોસાયન્સ પ્રા.લી. , અમદાવાદ**
(મે. ફોરર્મલી પ્રિવેયસલી કોન એઝ
મે. ટ્રાઈગ્લોબલ બાયોસાયન્સ પ્રા.લી. અમદાવાદ.
૪૦૩, ટી.એફ. સાર્થક–૨, રાજપથ કલબ સામે,
એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ–૩૮૦૦૫૪

**વિરૂધ્ધ,**

**સામાવાળા :** **ધી રીજીયોનલ ડાયરેકટરશ્રી,**
ઈ.એસ.આઈ.સી.પંચદીપ ભવન,
આશ્રમ રોડ, અમદાવાદ.

<u>હાજર રહયા:–</u>
અરજદાર તરફે : વિધ્વાન વકીલશ્રી ડી.પી.પારેખ
સામાવાળા તરફે : વિધ્વાન વકીલશ્રી આર.જે.ગોગડા

બાબત:– <u>આંક–૨ હેઠળ વચગાળાનો હુકમ</u> ::–

**૧.** અરજદારે હાલની અરજી કામદાર રાજય વીમા ધારો, ૧૯૪૮ (કે જેનો હવે પછી ટુંકમાં 'ઈ.એસ.આઈ. એકટ તરીકે ઉલ્લેખ કરેલ છે) ની કલમ ૭૫ મુજબ આંક–૨ થી વચગાળાની અરજી સાથે સામાવાળા વિરુધ્ધ દાખલ કરી સામાવાળા કોર્પોરેશન ધ્વારા તા.૩૧/૦૫/૨૦૨૨ ના રોજ જારી કરવામાં આવેલ કલમ ૪૫–એ નો હુકમ અંગેની કાર્યવાહી તથા તા.૩/૧૦/૨૦૨૨ ના રોજની નોટીસ તેનો અમલ અને અરજદારનો બેંક એકાઉન્ટ નં.–૪૬૭૦૫૦૦૧ જે સામાવાળાના રીકવરી ઓફીસરે સીઝ કરેલ છે તે દૂર કરી વચગાળાનો આદેશ પારીત કરવા રજૂઆત કરેલ છે.

**૨.** અરજદારની મુળ અરજી તથા આંક–૨ ની મનાઈ અરજીના સમર્થનમાં સોગંદનામું તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ જે ધ્યાનમાં લીધા તથા સામાવાળાના વિધ્વાન વકીલશ્રીઓને સાંભળ્યા.

**૩.** આ કામે અગાઉ તા.૨૪/૧૧/૨૦૨૨ ના રોજ અગાઉના ન્યાયાધીશશ્રીએ આંક–૨ હેઠળ અંતરીમ આદેશ કરી અરજદારને ઈ.એસ.આઈ. એકટની કલમ ૪૫/એ હેઠળના

તા.૩૧/૦૫/૨૦૨૨ ના હુકમમાં ફાળા પેટે રૂા.૫,૮૩,૧૬૦/– તથા તા.૩/૧૦/૨૦૨૨ ના હુકમથી ફાળા તથા વ્યાજ પેટે કુલ રૂા.૭,૮૩,૫૧૬ ની ૫૦% રકમ એટલે રૂા.૩,૯૧,૭૫૮/– (અંકે રૂપિયા ત્રણ લાખ એકાણુ હજાર સાતસો અઠ્ઠાવન પુરા) આ હુકમની તારીખથી દિન–૩૦ માં સામાવાળા સમક્ષ જમા કરાવવા અંગેના હુકમના સંદર્ભે અરજદારે આંક–૦૮ ના દસ્તાવેજી લીસ્ટથી ચેક રજૂ કરી જાહેર કરેલ કે, તેઓએ ઉપરોકત હુકમ મુજબ રૂા.૩,૯૧,૭૫૮/– (અંકે રૂપિયા ત્રણ લાખ એકાણુ હજાર સાતસો અઠ્ઠાવન પુરા) યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયાના ડીમાન્ડ ડ્રાફટ નં.૭૦૫૦૦૧થી તા.૨૫/૧૧/૨૦૨૨ ના રોજ જમા કરી દીધેલ છે. જે અંગેની પાવતી સાથે કોર્ટ રેકોર્ડમાં રજુ છે અને સામાવાળા કોર્પોરેશન તરફે વિ.વ.શ્રી જણાવે છે કે, ઉપરોકત રકમ જમા થઈ ગયેલ છે.

ઉપરોકત હકીકત અને બન્ને વિધ્વાન વકીલશ્રીઓની રજુઆતો ઘ્યાને લેતાં અરજદારની આંક–૨ ની અરજીના પેરા નં.૪ મુજબ માંગેલી દાદ આંક–૧ અરજીની ફાઈનલ સુનાવણી સુધી અરજદાર વિરુઘ્ધ ઉપરોકત રીકવરીની કાર્યવાહી સામે વચગાળાનો મનાઈ હુકમ આપવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**અમદાવાદ.**
**તા.૧૯/૦૭/૨૦૨૪**

**{ અશોક શર્મા }**
ન્યાયાધીશ,
કામદાર વીમા અદાલત,
અમદાવાદ.
કોડ નં.જીજે૦૧૫૦૦

પી.વી.ચુડાસમા, પી.એસ.